પાયાની સાક્ષરતા અને જ્ઞાન

એડિ.જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
સમગ્ર શિક્ષા – સુરત કોર્પોરેશન,,શા.નં ૧૩૧ ગોપીપુરા
સુરત.૩૯૫૦૦૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૯૨૦૨૮
E mail : - adpcsmc@gmail.com
Toll Free no. 1800 233 2028

ન.પ્રા.શિ.સ/એસ.એસ/ આઈઈડી/ /૨૦૨૪–૨૫ તા.

પ્રતિ,
યુ.આર.સી.કો-ઓ , ઝોન તમામ
સમગ્ર શિક્ષા, સુરત કોર્પોરેશ

**વિષય**-શાળા બહારના અને શાળામાં ભણતા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોના સર્વે કરવા બાબત

**સંદર્ભ** -સમગ્ર શિક્ષા/ આઈ.ઈ.ડી./ સર્વે/૨૦૨૪/૪૧૯૯૬-૪૨૦૩૬ તા. ૨૦/૦૯/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ 1 થી 12 ના અને 6 થી 18 વર્ષના વય જૂથના તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પુનઃવર્સન માટેની કામગીરી કરવામાં આવે છે આ તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓ શિક્ષણથી અને શાળા પ્રવેશથી વંચિત ન રહે તે માટે સર્વે કરવો ખૂબ જ જરૂરી જણાય છે.

નીચે મુજબના સૂચનો ધ્યાને રાખી સર્વે કરવાનો રહેશે.

- તમામ જિલ્લાના કોર્પોરેશનમાં શાળાબહારના, શાળામાં અભ્યાસ કરતા,સરકારી શાળા, આંગણવાડી, આશ્રમશાળા, સમાજ સુરક્ષા કચેરીની તાબા હેઠળની સ્પેશ્યલ શાળાઓ, ખાનગી શાળાના તમામ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા, તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને આવરી લેવાનાં રહેશે.
- જેમાં IEDSS, સ્પે.એજ્યુકેટર, આઈઈડી સ્પેશ્યલ એજ્યુકેટર અને સ્પેશ્યલ ટીચરને જરૂરી માર્ગદર્શન આપી સર્વેની કામગીરી કરવાની રહેશે.
- યુઆરસી, સીઆરસી અને શાળાના આચાર્યશ્રીના સંકલનમાં રહી સર્વે કરવાનો રહેશે.
- જે ક્લસ્ટર ખાલી હોય તે ક્લસ્ટરમાં નજીકના ક્લસ્ટરના સ્પેશ્યલ એજ્યુકેટરને ચાર્જ આપી સર્વેની કામગીરી કરવાની રહેશે.

- જિલ્લાના તમામ ક્લસ્ટરની ફાળવણી કરી તમામ સ્પેશ્યલ એજ્યુકેટર દ્વારા ડોર ટુ ડોર સર્વે કરવાનો રહેશે.
- વિકલાંગતા ધારો 2016 અધિનિયમ મુજબ 21 પ્રકારની દિવ્યાંગતા ધરાવતા તમામ બાળક/ વિદ્યાર્થીઓને આવરી લેવાના રહેશે.
- જિલ્લા આઈઈડી કો ઓર્ડીનેટર, યુઆરસી, સીઆરસી  દ્વારા સર્વે બાબતે ગંભીરતા રાખી મોનિટરિંગ કરવાનું રહેશે.

**એડિ.પ્રો. કો–ઓર્ડિનેટર**
**સમગ્ર શિક્ષા**
**સુરત કોર્પોરેશન**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત**

<u>નકલ સવિનય રવાના :-</u>

માન્ય નાયબ નિયામકશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ : જાણ તથા અમલ અર્થે**

૧) સી.આર.સી. કો.ઓ., ક્લસ્ટર તમામ, સમગ્ર શિક્ષા, સુરત કોર્પોરેશન

૨) આચાર્યશ્રી તમામ સરકારી શાળા,(પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચતરમાધ્યમિક)આંગણવાડી,આશ્રમશાળા, સમાજ સુરક્ષા કચેરીની તાબા હેઠળની સ્પેશ્યલ શાળાઓ, ખાનગી શાળાતમામ